# ભજન ૮

ધન્ય શ્રવણ તુજ માતપિતાને ધન્ય શ્રવણ તુજ નામ
ખાંધે કાવડ ભેરવીને અડસત તીરથ જાય. [૨]

સેવા માતા પિતાની કરતો. [૨]
શ્રવણ કાવડ લઈને ફરતો
તીરથે તીરથે ડગલા ભરતો, ચાલ્યો ચાલ્યો જાય ----- ખાંધે કાવડ

સેવા માત પિતાની કરવા [૨]
શ્રવણ વાલ્યો પાણી ભરવા
દગલા ભરતા મૃગ્યા જેવા શબ્દો કાને સંભળાય ----- ખાંધે કાવડ
૮
દશરથ મૃગ્યા રમવા આવે [૨]
મૃગીયુ જાણી બાણ લગાવે
ત્યાં તો શ્રવણ ડોરો જીવડો ચાલ્યો ચાલ્યો જાય ----- ખાંધે કાવડ

અંધ માત પિતા તરવરતા [૨]
દીધો સાપ જ મરતા મરતા
દશરથ યુગ વિયોગે મર તો છોડી દીધા નીજ પ્રાણ ----- ખાંધે કાવડ